પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ વખતે
કસોટી/તપાસ ઉપર પ્રતિબંધ.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૨૦૧૧-૧૪૯-ક,
સચિવાલય, ગાંધીનગર.
તા. / /૨૦૧૧
18 FEB 2011

વંચાણે લીધાઃ-

(૧) "ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" કલમ-૧૩ (૧) અને કલમ-૩૮

(૨) "ધી ગુજરાત એજ્યુકેશન લો (એમેન્ડમેન્ટ) બીલ-૨૦૧૦"

(૩) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીન.ગરના જાહેરનામા ક્રમાંકઃ GH/SH/6 NO: પીઆરઇ/૧૨૦૧૦/ ૫/કે તા.૧/૪/૨૦૧૦

પ્રસ્તાવનાઃ-

ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સંસદમાં "ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" પસાર કરીને તમામ બાળકોને મૂળભૂત બંધારણીય અધિકાર આપેલ છે. આ કાયદાની કલમ-૧૩(૧)માં નીચે મુજબ જોગવાઇ છે.

"કોઇપણ શાળા અથવા વ્યકિત શાળામાં બાળકને દાખલ કરતી વખતે કોઇપણ પ્રકારની Capitation Fee વસુલ કરશે નહિ અને શાળામાં પ્રવેશ માટે બાળક અથવા તેના માતા-પિતા/વાલીને તપાસ કે ઇન્ટરવ્યુમાંથી પસાર કરશે નહિ."

આ કલમની જોગવાઇઓનો ઠરાવ કરી તેનો અમલ કરવા તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વઃ-

ભારત સરકાર દ્વારા આમુખ(૧) માં દર્શાવવામાં આવેલ "The Right of Childern to free and Complusory Education Act 2009" ની કલમ-૧૩(૧) અને

કલમ-૩૮ ની જોગવાઇઓથી મળેલ સત્તા અન્વયે રાજય સરકાર ધ્વારા નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) પ્રાથમિક શાળાઓમાં શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓ અને અથવા તેના માતા-પિતા/ વાલીઓની કસોટી/તપાસ કરવામાં આવે છે અથવા વિદ્યાર્થીને કે તેના વાલીઓના ઇન્ટરવ્યુ લઇને પ્રવેશ આપવામાં આવે છે. જે ઉપર્યુક્ત ધારાની જોગવાઇઓ વિરૂદ્ધ હોવાથી પ્રાથમિક શાળામાં પ્રવેશ વખતે જે કસોટી, તપાસ અથવા ઇન્ટરવ્યુ લેવાની પદ્ધતિ છે તેના પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવે છે એટલે કે વિદ્યાર્થીઓ/વાલીઓની કસોટી તપાસ કે ઇન્ટરવ્યુ લઇ શકાશે નહિ.

(૨) પ્રાથમિક શાળામાં પ્રવેશ વખતે શાળાઓ દ્વારા પારદર્શક અને સુઘડ (Fair) પ્રક્રિયા અપનાવવાની રહેશે. આ પારદર્શક પ્રક્રિયામાં શાળા પ્રવેશ માટે આપેલ અરજીઓ પૈકી વહેલા તે પહેલાના ધોરણે નક્કી કરી શકાય અથવા ડ્રો કરીને પણ પ્રવેશ આપી શકાશે.

(3) પ્રવેશ આપવા માટે અમુક શાળાઓએ પ્રવેશ માટે નકકી કરેલા ફોર્મ આપવાની પ્રથા રાખે છે. આ ઠરાવથી સ્પષ્ટ કરવામાં આવે છે કે પ્રવેશ ફોર્મ આપવામાં કોઇપણ પ્રકારનો ઇન્કાર કે અવરોધ પણ આ કલમનો ભંગ ગણાશે. દરેક શાળાએ પ્રવેશ ફોર્મ જે માતા-પિતા/વાલી ઇચ્છે તેને ફરજીયાત કોઇપણ પ્રકારની પૂછપરછ વગર આપવાનો રહેશે અને ભરેલા ફોર્મસ સ્વીકારવાના રહેશે. શાળા પ્રવેશ આપવા પાત્ર સીટો પૈકી ચોક્કસ સંખ્યા/ટકામાં સીટો જુદી જુદી કેટેગરી માટે અનામત રાખી શકાશે. "The Right of Childern to free and Complusory Education Act 2009"ની જોગવાઇ મુજબ નબળા અને વંચિત વર્ગના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ આપવાપાત્ર જગ્યાઓના ૨૫ ટકા જગાઓમાં પ્રવેશ આપવાનો રહેશે, પરંતુ પ્રવેશ વખતે કેટલી સીટો અનામત રાખી છે તેમજ દરેક કેટેગરીમાં પ્રવેશ કઇ પ્રક્રિયા મુજબ આપવામાં આવશે તે જાહેરાતમાં જણાવવાનું રહેશે.

(૪) શાળા દ્વારા ઉપર જણાવેલ જોગવાઇનું ઉલ્લંઘન કરવાનું માલૂમ પડશે(સાબિત થશે) તો તેવી શાળા સામે પ્રથમ વખતના ઉલ્લંઘન માટે રૂ.૨૫,૦૦૦/- સુધી અને તે પછીના પ્રત્યેક ઉલ્લંઘનના પ્રસંગે રૂ.૫૦,૦૦૦/- જેટલો દંડ કરવામાં આવશે.

(૫) આ ઠરાવનો અમલ તમામ શાળાઓ એટલે કે સરકારી શાળા, જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત, નગર શિક્ષણ સમિતિ સંચાલિત, અનુદાનિત પ્રાથમિક શાળા, બિન અનુદાનિત પ્રાથમિક શાળા, સી.બી.એસ.સી કે. આઇ.સી.એસ.આઇ. અથવા અન્ય કોઇ પણ બોર્ડ સાથે સંકળાયેલ કોઇપણ માધ્યમની તમામ પ્રાથમિક શાળાઓ તથા તેના સંચાલક મંડળે ચુસ્ત રીતે કરવાનો રહેશે.

(૬) આ ઠરાવનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ એટલે કે જુન ૨૦૧૧ થી શરૂ થતાં નવા શૈક્ષણિક વર્ષ માટેના પ્રવેશથી કરવાનો રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એસ.બી.ગરાસિયા)**
નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

  } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઇન મુકવા સારું)
- સિલેકટ ફાઇલ. /નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.